# પશ્ચિમ ભારતના ખેડૂતો દ્વારા જમીન તથા પાણી સંરક્ષણની પહેલ વિષય ઉપર યોજાયેલ ત્રિદિવસીય રાષ્ટ્રીય કાર્યશિબિર સંપન્ન

## કાર્યશિબિરના સમાપન પ્રસંગે ૮૩ પ્રગતિશીલ ખેડૂતોને સન્માનિત કરાયા.

આણંદ –તા. ૦૩/૦૨/૨૦૧૮, શનિવાર ::

કિસાન રાષ્ટ્રનો અન્નદાતા છે. કિસાન અનાજ અને અન્ય ખેતપેદાશોથી ભૂખમરાથી બચાવે છે. અગાઉ ભારત બીજા દેશો પાસેથી અનાજ મંગાવવું પડતું હતું. હવે ભારતના કિસાનોના ભગીરથ પ્રયાસો અને વૈજ્ઞાનિકના સીધા માર્ગદર્શનના કારણે ભારત આજે અનાજની આયત નહીં પણ નિકાસ કરીને દેશનું ગૌરવ અને સન્માન વધાર્યું છે. ભારત સરકાર અને રાજય સરકારના વિવિધ વિભાગોના આયોજનના કારણે આજે ભારત કૃષિની સાથોસાથ પશુપાલન અને મત્સ્યપાલન ક્ષેત્રે પણ આગેકૂચ કરી રહ્યું છે. ત્યારે કિસાનોની વાતો અને તેમની સમસ્યાઓ સાંભળી તેઓની સમસ્યાઓનું નિરાકરણ લાવવાનો એક અભિનવ પ્રયોગ આ કાર્યશિબિર દ્વારા કરવામાં આવ્યો છે તે કિસાનો માટે મહત્વનું કદમ સાબિત થશે તેમ ડૉ. ત્રિલોચન મહાપાત્રાએ કહ્યું હતું.

આજે આણંદ ખાતે જમીન, અને પાણી સંરક્ષક સંઘ, દહેરાદૂન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ અને ભારતીય જમીન અને પાણી સંરક્ષણ સંસ્થા, દહેરાદૂનના સંયુકત ઉપક્રમે આણંદ કૃષિ યુનિવર્સિટીના

બં. અ. કૃષિ મહાવિદ્યાલયના ઓડિટોરિયમ હોલમાં પશ્ચિમ ભારતના ખેડૂતો દ્વારા જમીન અને પાણી સંરક્ષણની પહેલ વિષય ઉપર યોજાયેલ ત્રિદિવસીય રાષ્ટ્રીય કાર્યશિબિરના સમાપન સમારોહના મુખ્ય મહેમાનપદેથી નવી દિલ્હીના ડીએઆરઇના સેક્રેટરી અને આઇસીએઆરના ડીજી ડૉ. મહાપાત્રાએ કિસાનોને જમીનની જાળવણીની સાથોસાથ જળસંગ્રહ અને જળવ્યવસ્થાપન ક્ષેત્રે કામ કરી જમીનની ગુણવત્તા જળવાઇ રહે તે જોવા તેમજ કૃષિ વૈજ્ઞાનિકોને કિસાનોને વધુ પાણીની જમીન ખરાબ થાય છે અને પાણીનો જરૂર પડતો ઉપયોગ કરે તે માટે જાગૃત કરવા અનુરોધ કર્યો હતો.

ડૉ. મહાપાત્રાએ કિસાનોને માત્ર સોઇલ હેલ્થ કાર્ડને ન બેસી રહેતા સોઇલ હેલ્થ કાર્ડના આધારે કૃષિ ઉત્પાદન કરવાનું જણાવી ખેતીમાં ઉત્પાદન વધ્યું છે પણ ઉત્પાદકતા નથી વધી ત્યારે ઉત્પાદકતા વધે તે માટે કિસાનો-વૈજ્ઞાનિકોએ સાથે મળીને ઉત્પાદનની સાથે ઉત્પાદકતા વધે તે માટે સમજ આપવા જણાવ્યું હતું. તેમણે ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ-૨૦૨૨ સુધીમાં કિસાનોની આવક બમણી થાય તેવું સ્વપ્ન સેવી રહ્યા છે ત્યારે કિસાનોના પાકની ગુણવત્તામાં સુધારો લાવવાથી બજારમાં વધુ ભાવ મળવાની સાથે કિસાનોની ખેતી ખર્ચ ઓછો કરવા, જૈવિક ખાતરોનો ઉપયોગ અને આધુનિક સાધન-સામગ્રીનો ઉપયોગ, માઇક્રો ઇરીગેશન, સૌર ઊર્જા, પાકનું મૂલ્યવર્ધન કરી તેની પેકેજીંગ કરવા સુધીી તાલીમની જરૂરિયાત ઉપર ભાર મૂકયો હતો.

તેમણે ગુજરાત અને રાજસ્થાન કૃષિ ક્ષેત્રે દેશ માટે ઉદાહરણીય રાજયો છે તેનો ઉલ્લેખ કરી જયાં જમીનમાં નાઇટ્રોજન, ફોસ્ફરસ, પોટેશિયમ, માઇક્રો ન્યુટ્રિશન ઓછા થવા પામ્યું છે તેવી જમીનોનું સંરક્ષણ કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂકી સામાજિક અને અર્થ વ્યવસ્થામાં કિસાનોએ મહત્વની

ભૂમિકા અદા કરી છે તેમ જણાવી કૃષિ ક્ષેત્રે ભારત હાંસલ કરેલ સિધ્ધિઓ તેમજ કિસાનો માટે હાથ ધરવામાં આવી રહેલી વિવિધ યોજનાઓનો ઉલ્લેખ કરી કિસાનોને સંસ્કૃતિ ત્યાગ અને સમર્પણની છે ત્યારે કિસાનોની ઉન્નતિ માટે લેવામાં આવી રહેલા પગલાંઓની વિગતો આપી હતી. તેમજ કિસાનોને અનેક સમસ્યાઓ હોવા છતાં પ્રતિકૂળ પરિસ્થિતિ સામે ઝઝૂમીને મજબૂત બન્યાં છે જેમાંથી શીખવાનું મળે છે તેમ કહ્યું હતું.

કાર્યક્રમના અતિથિવિશેષપદે ઉપસ્થિત રહેલા પદમશ્રી અને ગુજરાત લાઇફ સાયન્સના ચેરમેન અને ગુજરાત કૃષિ યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડૉ. એમ.એચ.મહેતાએ કવિ રવિન્દ્રનાથ ટાગોરની દેશકી માટી દેશ કા જલનો ઉલ્લેખ કરીને રાષ્ટ્રની સંસ્કૃતિએ ધરતીને માતા કહી છે ત્યારે જમીનમાં ઓર્ગેનીક કાર્બનની સમસ્યા વધી છે જેના કારણે ખેત પેદાશ ઉપર તેની માઠી અસર થવા પામી છે છે ત્યારે કિસાનોની સમસ્યાઓને ઓળખીને તેમની સમસ્યાઓ દૂર કરવા માટે આવી કાર્યશિબિરો કિસાનો માટે દિશાસૂચક બની રહે છે તેમ કહ્યું હતું.

ડૉ. મહેતાએ ગ્લોબલ વોર્મિંગ, ઓર્ગેનિક કાર્બન, કાર્બન ડાયોકસાઇડની જે સમસ્યાઓ ઉભી થવા પામી છે તેના પ્રતિ કિસાનોને જાગૃત કરી જમીનમાં આવતી ખારાશ અટકાવવાના પ્રયાસો કરવા પર ભાર મૂકયો હતો. તેમણે કિસાન, વૈજ્ઞાનિકો અને કિસાનો માટેની નીતિ એમ ત્રિવેણી સંગમના માધ્યમથી આગામી સમયમાં રાષ્ટ્રમાં ઇકો એગ્રી રિવોલ્યુશેન ક્ષેત્રે ક્રાંતિ લાવી કિસાનોની આવક બમણી કરી શકીશું. તેમણે માટીમાં રહેલ કુદરતી સ્ત્રોતોનો બહુધા ઉપયોગ કરવાની સાથોસાથ વિશ્વામિત્રી નદી ઉપર નદીઓને જીવંત કરવા અંગેનો બાયોસિલ્ડ પ્રોજેકટ ચાલી રહ્યો છે તેનો ઉલ્લેખ કરી આ પ્રોજકેટને પૂરા પશ્ચિમ ભારતમાં અમલમાં મૂકવાની જરૂરિયાત હોવાનું કહ્યું હતું.

શ્રી મહેતાએ ભારતમાં જે અનાજનો બગાડ થાય છે જે બગાડ ન થાય તે પ્રતિ જાગૃતિ કેળવવાની સાથે બગડતાં અનાજને બચાવવાની જરૂરિયાત ઉપર ભાર મૂકી કિસાનોને પર્યાવરણમુકત વાતાવારણ અને અને તેઓની ખેત પેદાશોને યોગ્ય પોષણક્ષમ ભાવો મળી રહે તે માટેનું જરૂરી બજાર વ્યવસ્થાતંત્રની જરૂરિયાત જણાવી હતી.

આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન.સી.પટેલે ત્રિદિવસીય કાર્યશિબિરમાં કિસાન પહેલાં પછી વૈજ્ઞાનિકો. વિશ્વ હાલ કલાઇમેન્ટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગની સમસ્યા સામે ઝઝૂમી રહ્યું છે ત્યારે પર્યાવરણની જાળવણીની સાથોસાથ નદીઓ-તળાવો જીવંત થાય અને કિસાનોની જમીન ઉપજાઉ બને તેમજ જમીનમાં વધતી જતી ખારાશને અટકાવવાની સાથોસાથ જમીન અને પાણીનુ સંરક્ષણ કરવાની જરૂરિયાત જણાવી હતી. કિસાનો અને વૈજ્ઞાનિકો વચ્ચે જયાં સંકલનનો અભાવ છે ત્યાં સંકલનને વધુ મજબૂત કરવું પડશે. જે કિસાનોએ પોતાની આગવી સૂઝબૂઝથી સંશોધન કરીને વિવિધ પાકોમાં જે સિધ્ધિ મેળવી છે તેનું જિલ્લા-રાજય સ્તરે નિદર્શન કરવાની જરૂરિયાત જણાવી આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વોટર શેડ મેનેજમેન્ટ અને માઇક્રો ઇરીગેશન ક્ષેતન્રે જે કામ કરી રહી છે તેની વિગતો આપી કિસાનોને તાલીમ માટે યુનિવર્સિટીમા આવવા આમંત્રણ આપ્યું હતું.

આ પ્રસંગે કિસાનોને ખેતી ક્ષેત્રે ઉપયોગી થઇ શકે તેવી વિવિધ વિષયોને આવરી લેતી ત્રણ પુસ્તિકાઓનું વિમોચન કરવામાં આવ્યુ હતું. જયારે ગુજરાતના-૩૧, ગોવાના-૫, મહારાષ્ટ્રના-૧૫ અને

રાજસ્થાનના-૩૨ પ્રગતિશીલ ખેડૂતોને મોમેન્ટો અને પ્રમાણપત્ર આપી ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યશિબિરના ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરી શ્રી પી.બી.ભટનાગરએ ત્રિદિવસીય કાર્યશિબિરમાં કિસાનો અને વૈજ્ઞાનિકો દ્વારા રજૂ કરવામાં આવેલ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન અને સંશોધન પેપરો અંગેની વિગતો આપતાં કહ્યુ હતું કે, આ શિબિર દરમિયાન ગુજરાત, રાજસ્થાન, ગોવા અને મહારાષ્ટ્રના ૧૧૩ અને અન્ય ૩૫ કિસાનો મળી ૧૫૦ કિસાનો સહિત ૪૦૦ લોકોએ લાભ લીધો હતો. જેમાં ૫૦ ટકા કિસાનો ટ્રાયબલ વિસ્તારના હોવાથી આ શિબિર તેઓ માટે માર્ગદર્શક બની રહી હોવાનું જણાવી શિબિરમાં ગ્રાઉન્ડ વોટર, ખરાબાની જમીનનો વિકાસ, કુદરતી સંપદાનો ઉપયોગ, પર્યાવરણ સંબંધી, કેપેસીટી બિલ્ડીંગ, જળસંચય, જળવ્યવસ્થાપન, રેઇન વોટર હાર્વેસ્ટમેન્ટ, ખેતી ખર્ચ જેવી બાબતો ઉપર કિસાનો-વૈજ્ઞાનિકોએ ચર્ચા-વિચારણા કરી સમસ્યાઓ જાણી હતી.

પ્રારંભમાં ઓર્ગેનાઇઝીંગ કમિટીના ચેરમેન ડૉ. પી.કે.મિશ્રાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું જયારે સેક્રેટરી ડૉ. ડી. મંડલે આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે આ પ્રસંગે આસામ અને બીજા રાજયોમાંથી આવેલા કૃષિ વૈજ્ઞાનિકો, આણંદ કૃષિ યુનિવર્સિટીના સંશોધન નિયામક ડૉ. કે. બી. કથિરિયા, ભારતીય જમીન અને પાણી સંરક્ષણ સંસ્થા, દહેરાદૂન અને વાસદના વૈજ્ઞાનિકો, આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, રાજય સહિત વિવિધ રાજયોમાંથી આવેલ કિસાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

------------------------------


COLLEGE OF AGRICULTURE
AAU
ICAR


February 1-3, 2018
Organized by
Indian Association of Soil and Water Conservationists, Dehradun
in collaboration with
Anand Agricultural University, Anand, Gujarat
ICAR-Indian Institute of Soil & Water Conservation, Dehradun, Uttarakhand
Dr. Trilochan Mohapatra
Dr. N. C. Patel
Dr. K. B. Kathiria


(FFSCWR-2018)
February 1-3, 2018


Sponsored by
AAU
Conference on
“ Farmers First for Conserving Soil and Water Resources in Western Region ”
(FFSCWR-2018)
Sponsored by
TATA TRUST